Gujarat Samachar

EDI

March 3, 2016
Plus
Page No. 1

# ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા વર્કશોપ

**ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન અને ગુજરાત ટુરિઝમ દ્વારા ૧૦ દિવસીય તાલીમ શિબિરમાં ૪૦ પાર્ટિસિપન્ટ જોડાયા**

ભારતમાં સૌથી વધુ પ્રાકૃતિક વૈવિધ્યતા ગુજરાતને મળેલી છે. વેરાન રણથી માંડીને અફાટ દરિયો ગુજરાતને પ્રાકૃતિક વૈવિધ્યતા બક્ષે છે. આજે ગુજરાતના ટુરિઝમ (પ્રવાસન)ને વિશ્વમાં ઓળખ મળેલી છે તેને જોતા આવનાર દશકમાં ગુજરાત પ્રવાસન ઉદ્યોગ ઘણો આગળ વધશે. આ દરમિયાન ઘણા ઉદ્યોગસાહસિકો પ્રવાસન ક્ષેત્રમાં ઉમેરાશ અને નવા વિકલ્પો આપણી સમક્ષ ઉભા થશે. અમદાવાદ સ્થિત ભારતીય ઉદ્યમિતા વિકાસ સંસ્થાન (ઇડીઆઇ) અને ટૂરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ દ્વારા પ્રવાસન ક્ષેત્રે કૌશલ્ય નિર્માણ અને ઉદ્યોગસાહસિકતાના તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

દસ દિવસ માટે શરૂ થયેલી કાર્યશાળામાં ૪૦ જેટલા ઉદ્યોગસાહસિકને ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ તાલીમ શિબિરમાં સ્ટડી ટૂર્સ અને સર્ટિફિકેટ પણ અપાશે.

આ અંગે વાત કરતા ઈડીઆઇના ડિરેક્ટર ડૉ. સુનિલ શુક્લા કહે છે કે છેલ્લા કેટલાંક વર્ષોમાં ટૂરિઝમ ક્ષેત્રે ગુજરાતે હરણફાળ ભરી છે. ઈડીઆઇ અને ટૂરિઝમ વિભાગ વચ્ચે ગુજરાતના પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે એમઓયુ પણ સાઇન કરવામાં આવ્યા છે. આ તાલીમ શિબિરમાં ૪૦ ભાવિ ઉદ્યોગસાહસિક ટ્રેનિંગ લઇ રહ્યા છે. હું આશા રાખું છું કે દરેક પાર્ટિસિપન્ટ્સ પોતાની એક એજન્સી શરૂ કરે. ઈડીઆઇ આ પાર્ટિસિપન્ટને પોતાનો બિઝનેસ શરૂ ન કરે ત્યાં સુધી સ્વેચ્છાએ માર્ગદર્શન આપશે.

ગુજરાત ટૂરિઝમના કૌશલ્ય વર્ધન વિભાગના મેનેજર ખ્યાતિ નાયકે કહ્યું કે તાલીમ લઇ રહેલા તાલીમાર્થી ગુજરાત બહારના પ્રવાસીઓને ગુજરાતમાં ખેંચી લાવશે ત્યારે આ તાલીમ રાજ્યના વિકાસ માટે ખરેખર લેખે લાગી ગણાશે.

આજે પ્રવાસન ઉદ્યોગને અનેક ઉદ્યોગસાહસિકની જરૂરિયાત છે.